ગાંધીનગર સમાચાર



સિવિલમાં પાણી લીકેજ અને સ્વચ્છતાના પ્રશ્નો યથાવત


# મધુર ડેરી દ્વારા 'મિલ્ક ડે'ની ઉજવણી

## શ્વેતક્રાંતિના પ્રણેતા ડૉ. વર્ગીસ કુરિયનના જન્મદિનને 'મિલ્ક ડે' તરીકે ઉજવાય છે : ડૉ. કુરિયને ૧.૬૦ લાખ દૂધ મંડળીઓને સાંકળી ૧૫૦ લાખ ખેડૂતોનું ભાવિ ઉજાળ્યું : ડૉ. શંકરસિંહ રાણા : મેનેજીંગ ડીરેકટર રોહિત મહેતાએ 'અખંડ ડેરી ઉદ્યોગ'નો વિચાર રજૂ કર્યો

ગાંધીનગર, તા.૨૬

ભારતમાં શ્વેત ક્રાંતિના પ્રણેતા ડૉ. વર્ગીસ કુરિયનના જન્મદિન તા. ૨૬મી નવેમ્બરને દેશભરમાં 'મિલ્ક ડે' તરીકે ઉજવવામાં આવે છે. ગાંધીનગરમાં મધુર ડેરી દ્વારા પણ સે-૧૭ના ટાઉનહોલ ખાતે 'મિલ્ક ડે'ની ઉજવણી કરાઈ હતી તથા સ્નેહમિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં દૂધ ઉત્પાદકો ઉપસ્થિત રહ્યા હતાં.

'મિલ્ક ડે'ની ઉજવણી માટે યોજયેલા કાર્યક્રમમાં ગાંધીનગર દક્ષિણ વિધાનસભા બેઠકના ધારાસભ્ય શંભુજી ઠાકોર, નાગરિક બેંકના ચેરમેન હિમાંશુભાઈ પટેલ, દૂધ વાપરનારાઓની મંડળીના ચેરમેન દિલીપસિંહ ચૌહાણ ઉપરાંત ધોળેશ્વર મહાદેવના મહંત





રામસ્વરૂપદાસજી મહારાજ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણાએ પ્રાસંગિક ઉદબોધન કરતા ડૉ. વર્ગીસ કુરિયનનું જીવન ચરિત્ર પ્રસ્તુત કર્યું હતું. ડૉ કુરિયન દ્વારા દૂધને જંતુમુકત કરવાની પ્રક્રિયાનો વિકાસ, ગુણવત્તા જાળવણી અંગેની પધ્ધતિનો વિકાસ તેમજ સહકાર ભાવનાનો વિકાસ કેવી રીતે કર્યો તેનો ચિતાર આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ડૉ. વર્ગીસ કુરિયને ૧લાખ ૬૦હજાર દૂધ મંડળીઓને સાંકળી ૧૫૦ લાખ ખેડૂતોનું ભાવિ ઉજળું કર્યું છે.

આ પ્રસંગે ઉપસ્થિત ધારાસભ્ય શંભુજી ઠાકોરે ડૉ. વર્ગીસ કુરિયનના પગલે ચાલવા સાથે દૂધની સારી ગુણવત્તા જાળવવા તથા સારી સર્વિસ આપવા પર ભાર મૂકયો હતો. ધોળેશ્વર મહાદેવના મહંત રામસ્વરૂપ દાસજી મહારાજે પણ આશીર્વચન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં મધુર ડેરીના મેનેજીંગ ડીરેકટર રોહિતભાઈ મેહતાએ ડેરીની પ્રગતિનો અહેવાલ પ્રસ્તુત કર્યો હતો. તેમણે આ સાથે મધુર ડેરી હજુ પણ વધુ પ્રગતિના રાહ કંડારશે તેવો આત્મવિશ્વાસ વ્યકત કરતા અખંડ ભારતની જેમ 'અખંડ ડેરી ઉદ્યોગ'નો વિચાર વહેતો મૂકયો હતો. મિલ્ક ડેની ઉજવણી સાથે મધુર ડેરીના સ્નેહ મિલન સમારોહનું પણ આયોજન કરાયું હતું. આ પ્રસંગે સમગ્ર જિલ્લામાંથી મોટી સંખ્યામાં દૂધ ઉત્પાદકો તથા વિવિધ દૂધ મંડળીઓના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## @ગાંધીનગર

● તાવરીયાજી ગ્રુપ ગાંધીનગર દ્વારા લયબધ્ધ શ્વસની યૌગિક ક્રિયાનો કાર્યક્રમ તા. ૨૭ થી ૨૯ નવેમ્બર સુધી સવારે ૮.૦૦ કલાકે બલરામ મંદિર, સેકટર-૧૨ ખાતે નિઃશુલ્ક પણે યોજાશે.

● સે-૨-બી ચંદ્રમૌલેશ્વર મહાદેવ ખાતે બપોરે ૧.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન કથા, કપિલ પ્રાગટય તેમજ વરાહ પ્રાગટયનો કાર્યક્રમ યોજાશે.

● સે-૨૨, કલ્પના અને રચના સોસાયટીના બગીચા ખાતે બપોરે ૩.૦૦ કલાકે મુકુંદભાઈ મહારાજના વ્યાસપીઠે શ્રીમદ્ ભાગવત સત્સંગ પારાયણ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## આર્ટ ઓફ લીવીંગ દ્વારા યોગ, હેપીનેસ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૨૬

રવિશંકરજી પ્રેરિત આર્ટ ઓફ લીવીંગ સંસ્થા દ્વારા આગામી તા. ૧ થી ૫ ડિસેમ્બર સુધી સવારે ૬.૩૦થી ૮.૩૦ કલાક દરમિયાન, સે-૧૧, મેઘમલ્હાર કોમ્પ્લેક્ષ ખાતે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૫ વર્ષથી મોટી ઉંમરના લોકો ભાગ લઈ શકશે. આ શિબિરમાં શારીરિક, માનસિક અને આધ્યાત્મિક, ઉન્નતિ અર્થે યોગ, પ્રાણાયામ અને ધ્યાનની વિવિધ પ્રક્રિયાઓ શિખવવામાં આવશે.

સંસ્થા દ્વારા ૧૮ વર્ષથી મોટી ઉંમરના લોકો માટે તા. ૧ થી ૬ ડિસેમ્બર સુધી સાંજે ૬.૩૦ થી ૯.૩૦ કલાક દરમિયાન સે-૧૧, મેઘમલ્હાર કોમ્પ્લેક્ષના બીજા માળે હેપીનેસ શિબિરનું આયોજન કરાયું છે. જેમાં સ્વસ્થ શરીર, માનસિક શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતિ માટે સુદર્શન ક્રિયા, પ્રાણાયામ, યોગાસન, સરળ ધ્યાન, સારી ખરાબ આદતોની ચર્ચાઓ, શ્વાસોશ્વાસની ક્રિયાઓ, જવાબદારીને સમજવાની જાગૃતિ, રમતગમત જેવા પાસાઓનો સુમેળ સાધવાનો સમાવેશ કરવામાં આવશે. આ શિબિરમાં વિવિધ ક્રિયાઓ કરવાથી આત્મ વિશ્વાસ, યાદશકિત, ગ્રહણશકિત, એકાગ્રતા, માનસિક શાંતિ, તંદુરસ્તી, આંતરિક વિકાસ અને વકતૃત્વ શકિતઓમાં વધારો થાય છે. આ બંને શિબિરોનો મુખ્ય હેતુ આધુનિક યુગમાં માણસોને તણાવમુકત તથા અન્ય નકારાત્મક લાગણીઓ જેવી કે ગુસ્સો, ડર, ઈર્ષા, શરમ, નિરાશા, અણગમો, જીદ્દીપણા વગેરેથી મુકત થઈ દરેક વ્યકિત વિશ્વસ્તરે આગળ વધી શકે તેમજ તણાવ રહિત વ્યકિત થકી હિંસા મુકત સમાજ નિર્માણ કરવાનો છે. આ શિબિરમાં ભાગ લેવા સંસ્થાના પ્રશિક્ષક સુરેશભાઈ પરમારનો સંપર્ક કરવા જણાવાયું છે.

# ગાંધીનગર અસુરક્ષીત : બે વર્ષમાં ૪૦ મર્ડર થઈ ગયા...!

## રાજયના પાટનગરમાં જ યુપી-બિહાર વાળી? : મકાનમાં ઘુસીને ક્રૂરતાપૂર્વક હત્યા કરી જતાં હત્યારાઓને પકડવામાં પોલીસ નબળી પુરવાર થઈ : હજુ પણ ચકચારી હાઈપ્રોફાઈલ હત્યાઓ અનડીટેકટ

ગાંધીનગર, તા.૨૬

ઉત્તરપ્રદેશ અને બિહાર ગુનાખોરી માટે સખત પંકાયેલા રાજયો છે. તેની સામે ગુજરાત રાજય અને તેમાં પણ પાટનગર ગાંધીનગર શાંત-હરીયાળુ અને સાંસ્કૃતિક નગર તરીકે ઓળખાય છે. આ ગાંધીનગર જિલ્લામાં જ યુ.પી.-બિહાર જેવો માહોલ સર્જાયો હોય તેમ ચોરી-લુંટ અને હત્યાઓનાં આંકડા જોતા લાગી રહ્યું છે. બે વર્ષમાં જિલ્લામાં ૪૦-૪૦ મર્ડર થઈ ગયા છતાંય ગાંધીનગર સુરક્ષીત હોવાનો પોલીસ દાવો કરી રહી છે. મકાનમાં ઘુસીને ક્રૂરતાપૂર્વક હત્યા કરી જતાં હત્યારાઓને પોલીસ પકડી શકતી નથી. હત્યારાઓ શાતીર છે કે પોલીસ નબળી? તે એક મોટો પ્રશ્ન છે...! નોંધનીય બાબત તો એ છે કે હજુ પણ ગાંધીનગરના કેટલાક ચકચારી હાઈપ્રોફાઈલ મર્ડર અનડીટેકટ છે.

ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૪માં અલગ અલગ વિસ્તારમાં ૨૦હત્યાઓ થઈ હોવાનું પોલીસ ચોપડે નોંધાયું છે. જેપૈકી ૧૭હત્યાઓના ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી હતી અને ત્રણ હત્યા હજુ પણ અનડીટેકટ છે. તે ઉપરાંત વર્ષ ૨૦૧૫માં (ચાલુ વર્ષમાં) જાન્યુઆરીથી જુન સુધીમાં ૧૦ હત્યાઓ થઈ જે પૈકી ૭ હત્યાઓના ભેદ ઉકેલાઈ ગયા હતા અને ત્રણ હત્યાઓ હજુ પણ રહસ્યમય છે. જુલાઈથી આજ દીન સુધીમાં બીજી ૧૦હત્યાઓ થઈ ગઈ છે તેમાં પણ કડી સર્વ વિશ્વ વિદ્યાલયની ફાર્મસી કોલેજના આચાર્યની હત્યાનો ભેદ ઉકેલવામાં પોલીસ હજુ ગુંચવાયેલી છે. મકાનમાં ઘુસીને કરપીણ હત્યા કરી ફરાર થઈ જતાં હત્યારાઓને પકડવામાં પોલીસ નબળી પુરવાર થઈ છે. હાઈપ્રોફાઈલ મર્ડરમાં રશ્મિ ભાવે અને ફાર્મસી કોલેજના આચાર્યની હત્યાના કેસ હજુ પણ અનડીટેકટ છે. આ પ્રકારના ગંભીર ગુનાઓમાં ચિંતાજનક વધારો થતા ગાંધીનગરની શાંતિપ્રિય જનતા પોતે અસુરક્ષિત હોવાની લાગણી પ્રગટ કરી રહી છે.

## આઈએસઆઈએસ જેવા ખતરા સામે દેશવાસીઓને લશ્કરી તાલીમની જરૂર : ડૉ. સોમભાઈ પટેલ

ગાંધીનગર, તા.૨૬

તાજેતરમાં રાજયભરમાં ફેલાયેલા પાટીદાર અનામત આંદોલનના પગલે વિવિધ બેજવાબદાર નિવેદનોની હારમાળા સર્જાઈ હતી. કેટલાક પાટીદાર નેતાઓ તથા ઓબીસી નેતાઓ દ્વારા તલવારો ખેંચવાની વાતો કરાઈ હતી. ગાંધીનગરના જાણીતા શિક્ષણવિદ, ડૉ. સોમભાઈ પટેલ દ્વારા તથા બાબતે સવાલ ઉઠાવાયો છે કે તલવાર ખેંચશો પણ કોની સામે? પોલીસ સામે કે એકબીજા સામે? આ સવાલ સાથે ડૉ. સોમભાઈએ દેશની સામે મંડરાઈ રહેલા આઈએસઆઈએસના ખતરા સામે દરેકે લશ્કરી તાલીમ મેળવી દેશની રક્ષા માટે સુસજ્જ થવું વધુ સલાહભર્યું હોવાનું જણાવ્યું છે.

ડૉ. સોમભાઈ પટેલના મત મુજબ દેશમાં મધ્યયુગનું પુનરાવર્તન થઈ રહ્યું હોવાનું જણાઈ રહ્યું છે જયારે દેશી રાજાઓ અંદરોઅંદર એકબીજા સામે લડીને ખુંવાર થઈ ગયા જેના કારણે રાષ્ટ્ર વિદેશી આક્રમણખોરોનું ગુલામ બની જવા પામ્યું હતું. આ સાથે તેમણે એ મત વ્યકત કર્યો કે આઈએસઆઈએસ જેવા કટ્ટરપંથી આક્રમણ સામે દેશની પ્રજાએ લશ્કરી તાલીમ મેળવી સજ્જ થવાની તાતી જરૂરિયાત છે. સમગ્ર જનતાને આ પ્રકારના ખતરા સામે લડવા લશ્કરી તાલીમ આપવી જોઈએ તે માટે તાલીમ કેમ્પોનું આયોજન કરવું જોઈએ. આ તાલીમમાં મહિલાઓ તથા બાળકોનો પણ સમાવેશ કરવો જોઈએ તેવું ડૉ. સોમભાઈ પટેલનું માનવું છે.

# સિવિલમાં પાણી લીકેજ અને સ્વચ્છતાના પ્રશ્નો યથાવત

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં નવિન બિલ્ડીંગ નિર્માણ થયું છે. અત્યારે હાલના સમયે અધ્યતન મશીનરી અને ટેકનોલોજીના પગલે સિવિલની આગવી ઓળખ બની છે. સિવિલની મુલાકાતીઓની સંખ્યામાં પણ વિશેષ વધારો નોંધાયો છે. ત્યારે અત્યારે હાલના સમયે ભારતભરમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. સિવિલમાં કેમ્પસમાં પારાવાર ગંદકી જોવા મળે છે. નવા બિલ્ડીંગમાં પાણી લીકેજના પ્રશ્નને કારણે સતત વહેતું પાણી સિવિલમાં પડેલા કચરામાં ભળતા અસહ્ય ગંદકી ઉત્પન્ન થાય છે. કેમ્પસને સ્વચ્છ રાખવા અંગે આપવામાં આવતા લાખો રૂપીયા તંત્રના પાણીમાં જતા હોય તેવું મુલાકાતીઓમાં ચર્ચાઈ રહ્યું છે.

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં કરોડો રૂપીયાના ખર્ચે નવિન અધ્યતન બિલ્ડીંગ તૈયાર કરવામાં આવ્યું છે. પરંતુ આ બિલ્ડીંગમાં અવાર-નવાર નાનીમોટી ક્ષતિઓ બહાર આવે છે. ભારતભરમાં અત્યારે હાલ સફાઈ અંગે અભિયાન ચાલી રહ્યું છે . સિવિલમાં પણ સતાવાળાઓ દ્વારા સફાઈ પર વિશેષ ભાર મુકવામાં આવે છે.પરંતુ કર્મીઓ દ્વારા યોગ્ય સફાઈ કરવામાં આવતી નથી તેવો સુર દર્દી અને મુલાકાતીઓમાં ઉઠવા પામ્યો છે. ત્યારે નવિન બિલ્ડીંગમાં પાણી લીકેજને પગલે પાણી સતત વહેતુ હોવાથી કચરાના ઢગમાં ભળતા અસહ્ય ગંદકી ઉભી થાય છે. તેમજ પાણીનો બગાડ થાય છે. નવા બિલ્ડીંગમાં એક સાંધે ત્યાં તેર તુટે તેવો ઘાટ સર્જાય છે. સિવિલ તંત્ર દ્વારા એક ખામી દુર કરવામાં આવે છે. ત્યાં નવી ખામી ઉભી થાય છે. પાણી લીકેજનો પ્રશ્ન અટકાવવામાં નહિ આવે તો આગામી સમયમાં નવા વોર્ડમાંથી પાણીના પોંકાર પણ સાંભળવા મળે તો નવાઈ નહી, સિવિલ કેમ્પસમાં નિર્માણ પામેલી નવી બિલ્ડીંગ અધ્યતન ટેકનોલોજીને પગલે જિલ્લાવાસીઓ માટે આશિર્વાદરૂપ સાબિત થઈ રહી છે. સિવિલમાં આવતા દર્દીઓની સંખ્યામાં પણ વધારો નોંધાયો છે. ત્યારે સિવિલના તંત્રની સાથે મુલાકાતે આવતા દર્દી તેમજ સગા સ્નેહીજનોની પણ કેમ્પસને સ્વચ્છ રાખવાની પ્રાથમિક ફરજ બને છે.

## વાતવાતમાં

● દેશના રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી પાલજ ખાતે ગાંધીનગર આઈઆઈટીના કાર્યક્રમમાં આવી રહ્યાં હોઈ પોલીસ તંત્ર ખૂબ જ એલર્ટ થઈ જવા પામ્યું છે. પોલીસે એરપોર્ટથી રાજભવન સુધી માર્ગે સુરક્ષા વ્યવસ્થાનું રીહર્સલ કર્યું હતું. જેમાં આ માર્ગે આવતા કયા 'કટ' પર બેરીકેડસ લગાડવા તેનું મૂલ્યાંકન કર્યું હતું.

● સે-૨૧ ખાતે દેવ દિવાળીના પર્વે ફટાકડાનું વેચાણ કરતી એક લારીમાં કયાંક ફોડાયેલા ફટાકડાનો તિખારો આવીને પડતા લાગેલી આગમાં લારી સળગી જવા પામી હતી. આસપાસમાં એકઠા થયેલા નગરજનોએ માટી-પાણી વગેરે નાંખીને આગ તો ઠારી દીધી પરંતુ જે શ્રમિકની આ લારી હતી તેની તો દિવાળી બગડી જવા પામી હતી.

● વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓના ઓનલાઈન ફોર્મભર્યાપછી તેની ફી ભરવાનું ચલણ ભરવા સે-૭ની પોસ્ટ ઓફિસમાં ગયેલા ઉમેદવારોને 'સર્વર ડાઉન' હોવાના કારણે ચલણ ભરી શકયા નહોતા. આ સમયે ઉમેદવારોના ચહેરા સર્વર કરતા પણ વધુ 'ડાઉન' થયેલા જોવા મળતા હતા.

● સે-૨૧માં પોલીસ સ્ટેશનનું રંગરોગાન ચાલી રહ્યું છે તથા સંકુલમાં સ્ટ્રીટ લાઈટના ફીટીંગનુ કામ પણ હાથ ધરાયું છે. આશા કરીએ કે નવપલ્લવિત ભવનમાં પોલીસની કાર્યદક્ષતા પણ વધુ નિખરી ઝળહળાં થઈ ઉઠે.

● શાળાઓમાં વેકેશનનો અંત આવતા વાલીઓએ બીજા સત્રની તૈયારીઓ પ્રારંભ કરી દીધી છે. સે-૨૧ના બજારમાં સ્કુલ, ડ્રેસ તથા સ્કુલ યુનિફોર્મના સ્વેટર્સ, બુટ-મોજા વગેરેની ખરીદીનો પ્રારંભ થઈ ચુકયો છે.

● દેવદિવાળી જતા જ કેટલાક નગરજનોએ પોતાના મકાનોની અગાશી કે ગેલેરીમાં રોશની માટે લગાડેલ લાઈટીંગ સીરીઝો ઉતારવા માડી છે. જો કે હજુ પણ અનેક નગરજનોએ જયાં સુધી બધા મહેમાનો મુલાકાત લઈ ના જાય ત્યાં સુધી તેમની રોશની ઝળહળાં રાખવાનું નક્કી કર્યું છે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

# મહિલાને સાથે રાખીને મુસાફરોનાં દાગીના સેરવી લેતી રિક્ષાગેંગ ઝડપાઈ

## પખવાડીયા પહેલા મોટા ચિલોડાથી રિક્ષામાં બેસેલી મહિલાની નજર ચુકવી રૂ. ૧.૭૮ લાખના દાગીના સેરવી લીધા હતા : બે શખ્સોની એલસીબીએ ધરપકડ કરી : મહિલા આરોપી ફરાર

ગાંધીનગર, તા.૨૬

પખવાડીયા અગાઉ એક મહિલા મુસાફરને ચિલોડા સર્કલથી રિક્ષામાં બેસાડી તેણીની નજર ચુકવીને દાગીના સેરવી લઈ રિક્ષા ગેંગ રફફુચક્કર થઈ ગઈ હતી. ગાંધીનગર એલસીબીની ટીમને બાતમી મળી હતી કે રીક્ષા ગેંગના સાગરીતો શહેરમાં ચોરીનાં દાગીના વેચવા આવી રહ્યા છે જેને આધારે સે-૨૩/૨૪ ચોકડી પાસેથી બે શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા છે. ચોરીનો સોનાના દાગીના સહિતનો રૂ. ૧.૭૮ લાખના મુદ્દામાલ સાથે બેની ધરપકડ કરી લેવામાં આવી છે. આ રિક્ષા ગેંગ એક મહિલાને સાથે રાખીને મુસાફરોના દાગના સેરવી લેતી હતી. આ મહિલા હજુ ફરાર છે.

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંગ યાદવની સુચનાથી





એલસીબી પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની ટીમ મિલ્કત સંબંધી બનતા ગુનાઓ અટકાવવા તથા ડીટેકટ કરવા દોડતી થઈ છે. પીએસઆઈ આર.એન. વાઘેલા તથા સ્ટાફના માણસો ગઈ કાલે શહેરમાં પેટ્રોલીંગ કરતા હતા ત્યારે હેડ કોન્સ્ટેબલ હરીભાઈને બાતમી મળી હતી કે રિક્ષા નં જીજે ૧ સીવી ૨૪૯૦ લઈને નિકળેલા બે શખ્સો ચોરેલા દાગીના વેચવા ફરી રહ્યા છે જેને આધારે સે-૨૩ સ્વામિનારાયણ મંદિરથી સે-૨૪ તરફ જતા માર્ગ પરથી રિક્ષા સાથે બે શખ્સો અબ્દુલરઈસ ઉર્ફે રઈસુ અબ્દુલરહીમ શેખ (રહે. વટવા) અને આસ મહંમદ ખીલ્લુ મનીયાર (રહે. નરોડા પાટીયા)ને પકડી પાડયા હતા. બંનેની સઘન પુછતાછ કરતા તેમણે પખવાડીયા અગાઉ મોટા ચિલોડા પાસેથી એક મહિલા મુસાફરને રીક્ષામાં બેસાડીને નજર ચુકવી દાગીના સેરવી લીધા હોવાની કબુલાત કરી હતી. પોલીસે તેમની પાસેથી એક મંગળસુત્ર, સોનાના નાના મોટા બે સેટ મળી કુલ રૂ. ૧,૭૮,૧૭૦નો મુદ્દામાલ રીકવર કર્યો છે તે ઉપરાંત ગુનામાં વપરાયેલી રિક્ષા પણ કબજે કરી ફરાર થઈ ગયેલી રિક્ષાગેંગની સાગરીત મહિલા જોશના ઉર્ફે ભુરી (રહે. કુબેરનગર)ની શોધખોળ શરુ કરી છે. ઉપરોકત આરોપીઓ પૈકી આસ મહંમદ અગાઉ પણ આ પ્રકારના ગુનાઓમાં પકડાઈ ચુકેલો હોવાનું જાણવા મળ્યું છે.

## શનિવારે ગાંધી મિત્ર વર્તુળની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગર દ્વારા તા. ૨૮ નવેમ્બરના રોજ માસિક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. શનિવારે સાંજે ૪.૦૦ કલાકે ૬૨૯, વાસ્તુ નિર્માણ સોસાયટી, સેકટર-૨૨ ખાતે બેઠક યોજાશે ગાંધી મિત્ર વર્તુળના મંત્રી સોમાભઈ પરમારે તમામ નગરજનોને બેઠકમાં ઉપસ્થિત રહેવા અનુરોધ કર્યો છે.

# સે-૩૦ સર્કલનું નવનિર્મિત બસ સ્ટેન્ડ આશીર્વાદરૂપ

## મુસાફરોની જરૂરિયાત ઉપર તંત્રની મહેર, અહીં શૌચાલય સહિતની સગવડ હોવાથી મુસાફરોને રાહત

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના પ્રવેશ દ્વાર સમા ૩૦ સર્કલે વાહન વ્યવહાર વિભાગ દ્વારા નવું બસ સ્ટેન્ડ ઉભું કરાયું છે. નગરના અસ્તિત્વ સાથે જ આ સ્થળે મુસાફરો માટે બસ સ્ટેન્ડ બનાવાય તેવી માંગ સતત થઈ રહી હતી. જેને તંત્ર એ પૂર્ણ કરી દેતાં મુસાફરો માટે શ્રેષ્ઠ સુવિધા ઉભી થઈ છે. ગરમી, ઠંડી અને વરસાદમાં આ બસ સ્ટેન્ડ મુસાફરો માટે આશીર્વાદરૂપ બની રહેશે. વધુમાં આ સ્ટેન્ડની પાછળ જ શૌચાલય જેવી સગવડ ઉભી કરાયલી છે. જેથી વાહન મેળવવા ઉભા રહેતા મુસાફરોની જરૂરિયાત મુજબની સુવિધા અહીં ઉપલબ્ધ બનતા મુસાફરોમાં આનંદ સાથે રાહતની લાગણી પેદા થઈ છે.

રાજયનું પાટનગર સ્માર્ટ સિટીનો દરજ્જો પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બન્યું છે જેથી પ્રજાકીય જરૂરિયાતો ઉપર સતત ભાર મુકાઈ રહ્યો છે. જેમાં નગરમાં અનેક સ્થળોએ વાહન વ્યવહાર વિભાગ દ્વારા બસ સ્ટેન્ડ ઉભા કરાયા છે.જે પૈકી નગરના ૩૦ સર્કલે ઉભું કરાયેલું બસ સ્ટેન્ડ ખરા અર્થમાં બસસ્ટેન્ડ સાબિત થઈ રહ્યું છે. વર્ષોથી ગરમી, ઠંડી અને વરસાદમાં ખુલ્લામાં ઉભા રહી બસ કે અન્ય વાહનની રાહ જોતાં મુસાફરો બસ સ્ટેન્ડ વગર ત્રાહીમામ પોકારી ઉઠયા હતા. પરંતુ તંત્રએ બસ માટે કાયદેસરનું સ્ટેન્ડ બનાવી દેતા




હવે એસ.ટી. બસોને પણ ફરજીયાત ઉભા રહેવા સ્થળ પ્રાપ્ત થયું છે.

ઉભા કરાયેલા આ બસ સ્ટેન્ડ થકી ચિલોડા, પ્રાંતિજ, હિંમતનગર, ઈડર, દહેગામ, કપડવંજ, ડાકોર તથા અનેક મહત્વના નગરોમાં જવા મુસાફરોની એસ.ટી. ઉપલબ્ધ બની રહેશે. મુસાફરો અહીં સ્ટેન્ડ માટે તંત્ર પાસે અનેકવાર માંગ કરી ચુકયા છે અને તંત્ર એ આ માંગ ઉપર મહોર મારી દેતાં જરૂરિયાત સંતોષાઈ છે. વધુમાં આ સ્ટેન્ડની નજીક સુલભ શૌચાલયની પણ સગવડ છે જેથી વૃધ્ધો, બાળકો અને મહિલાઓ માટે અહીં ઉભું રહેવું એ ખરેખર શ્રેષ્ઠ સુવિધા પ્રાપ્ત કર્યાનો અહેસાસ બન્યો છે. તંત્ર દ્વારા ભવિષ્યમાં હાલ બનાવાયેલા સ્ટેન્ડથી પણ મોટું સ્ટેન્ડ બનાવાય તેવી માંગ પણ ઉભી થઈ છે. દૈનિક હજારોની સંખ્યામાં મુસાફરોની આવન-જાવન અહીંથી થાય છે ત્યારે તંત્રની સુવિધા રાહત આપનારી બની છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

## આર.ટી.આઈ. એકટીવીસ્ટોનું એકતા વાર્ષિક મહાસંમેલન યોજાશે

અખિલ ભારતીય માહિતી અધિકાર સહાયતા કેન્દ્ર દ્વારા આગામી તા. ૨૮ નવેમ્બરના રોજ સવારે ૯ થી સાંજે ૭ કલાક દરમિયાન આરટીઆઈ એકટીવીસ્ટોનું વાર્ષિક એકતા મહાસંમેલન ૨૦૧૫નું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે આરટીઆઈ એકટીવીસ્ટ તથા કચ્છ સહાયક મંચના પ્રમુખ રમેશભાઈ જોષી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે.

ગુજરાત હાઈકોર્ટ બાર કાઉન્સીલીંગના મેમ્બર પરેશભાઈ વાઘેલા, ગુજરાત રાજય ઈન્કમટેક્ષ બાર એસો.ના સેક્રેટરી આઈ.પી. બ્રહ્મભટ્ટ, ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ વિજયભાઈ નાગેશ, ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ પરેશભાઈ મહેતા, જામનગર એડવોકેટ રાઘવજીભાઈ માલધારી, કચ્છ ભૂજના અગ્રાણી નેતા નારસિંહભાઈ અગ્રવાલ, પી.યુ.સી.એલ.ના મહામંત્રી ગુજરાતના ગૌતમભાઈ ઠાકર, આરટીઆઈ એકટીવીસ્ટ વિનોદ પંડયા, ક્રાન્તિના અગ્રણી તથા નેશનલ એવોર્ડ આરટીઆઈ એકટીવીસ્ટ ભરતસિંહ ઝાલા, પંકજ ભટ્ટ, ગુજરાત પત્રકાર સંઘના પ્રમુખ, બી.આર. પ્રજાપતિ તેમજ ગુજરાત રાજયના આર.ટી.આઈ. એકટીવીસ્ટો દક્ષિણ ગુજરાત સુરતના આરટીઆઈ એકટીવીસ્ટ એસોસીએશનના પ્રમુખ શોકતભાઈ મીરઝા ઉપસ્થિત રહેશે.

## ચિરવિદાય

● સ્વ. ખુશાલદાસ શંકરલાલ ખત્રી, ઉ.વ. ૪૭